ન્યુઝ બ્રિફ

ચેક રિટર્ન કેસમાં 1 વર્ષની સજાના હુકમને પડકારતી અપીલ કોર્ટે રદ કરી

સુરત: કાપડની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં થયેલી 1 વર્ષની સજાના હુકમને પડકારતી કરેલી અપીલ કોર્ટે રદ કરી કનૈયા સિલ્ક મિલ્સના પ્રોપ્રાઈટર કમલ મંત્રીને 1 વર્ષની સજાના હુકમને કાયમી રાખ્યો હતો. રીંગરોડ મહાલક્ષ્મી માર્કેટના રિતીક સિલ્ક મિલ્સના પ્રોપાઈટર રજની જોગીન્દરસિંહ જુનેજાને પેમેન્ટની ચૂકવણી પેટે કનૈયા સિલ્ક મિલ્સના પ્રોપ્રાઈટર કમલ હરીકિશન મંત્રી (રહે., શ્યામવિલા એપા., વીઆઈપી રોડ)એ રૂ.18.23 લાખના ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતાં કમલ મંત્રીને કોર્ટે 1 વર્ષની કેદ અને ચેકની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો. આરોપી કમલ મંત્રીએ અપીલ દાખલ કરી હતી. કોર્ટે કમલ મંત્રીની અપીલ રદ કરી દીધી હતી અને નીચલી કોર્ટનો હુકમ કાયમી રાખ્યો હતો. મૂળ ફરિયાદી રજની જુનેજા તરફે સિનિયર વકીલ વિનય શુક્લાની દલીલો કોર્ટે માન્ય રાખી હતી.

હત્યાના ગુનામાં આરોપીનો નિર્દોષ છૂટકારો

સુરત: 17 મે, 2020ના રોજ અમરોલી વિસ્તારમાં આરોપી હર્ષિલ ઉર્ફે માવો સરકાર વાલજીભાઈ લાઠીયા મિત્રો સાથે બેસીને પોત-પોતાના મોબાઈલમાં ફેસબુક જોતા હતા. ત્યારે સાંજના સમયે મરણજનાર સ્મિત હરેશભાઈ સોનાણીને ઘરે જઈ રહ્યો હતો. ત્યારે સ્મિત અને તેના મિત્ર વચ્ચે ઈન્સ્ટાગ્રામ પર છોકરી સાથે ચેટ કરવા બાબતે ઝગડો થયો હતો. જેથી આરોપી હર્ષિલ ઉર્ફે માવોના અમરોલી ડી-માર્ટ પાસે મળવા માટે ગયો હતો. જ્યાં આરોપી અને સ્મિત વચ્ચે બોલાચાલી થતાં આરોપીએ થરો મારી સ્મિતની હત્યા કરી નાખી હતી. જે અંગે અમરોલી પોલીસે હર્ષિલ ઉર્ફે માવોનાની અટક કરી જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. જે ગુનાની સમગ્ર ઈન્સાફી કાર્યવાહી સાતમાં એડિશનલ ડ્રિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી જતાં આરોપી તર્ફે બચાવપક્ષ દ્વારા તેઓના વકીલ પી.ટી.રાણા તેમજ વકીલ રવિ એન. પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ પુરાવો મળી ન આવતા કોર્ટે આરોપીને નિર્દોષઠરાવીછોડીમૂકવાનો હુકમકર્યોહતો.

સુરતમાં અગમ્ય કારણોસર આપઘાતના બે બનાવ

સુરત: સુરતમાં આપઘાતના બે બનાવમાં એક યુવાન અને એક આધેડે જીવન ટૂંકાવી લીધું હતું. મળતી માહિતી મુજબ, મૂળ જામનગરના વતની અને હાલમાં વરાછા વિસ્તારમાં આવેલ હંસ સોસાયટી ક્રિષ્ના ટાઉનમાં રહેતા સંજય ગોહેલ ટેલરનું કામ કરી પરિવારમાં પત્ની અને 2 સંતાનનું ગુજરાન ચલાવે છે. સંજયભાઈના 2 સંતાન પૈકી પુત્ર 19 વર્ષીય પ્રમિત જ્વેલરી ડિઝાઇનનું કામ કરતો હતો. પ્રમિતે કાલે રાત્રે ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે. બીજા બનાવમાં, મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલમાં ગોડાદરા વિસ્તારમાં આવેલા મહારાણા નગરમાં રહેતા 43 વર્ષીય દગડુ પ્રકાશે કાલે રાત્રે ઘરના પાંખ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

આર્થિક સંકડામણનો અજગરી ભરડો, વધુ એક યુવકનો આપઘાત

સુરત: શહેરમાં આર્થિક સંકડામણને કારણે આપઘાતના બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે વધુ એક ભેસ્તાન વિસ્તારમાં રહેતા યુવકે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો છે. મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં ભેસ્તાન વિસ્તારમાં આવેલી ગણેશ નગરમાં રહેતા 28 વર્ષીય નરેન્દ્ર મહાવીર નિષાદ સિલાઈ મશીનમાં કામ કરી પરિવારમાં પત્ની અને પુત્રીનું ભરણપોષણ કરતા હતા. નરેન્દ્રએ ગઈકાલે સાંજના સમયે ઘરની છતની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. તેમને આ પગલું નશામાં અને આર્થિક સંકડામણમાં ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

જુલાઇ-2025 સુધીમાં ડુમસ સી ફેઝ ડેવલપમેન્ટ પૂરો કરો: શાસકો

મેયર-ચેરમેને પ્રોજેક્ટની સ્થળ મુલાકાત લીધી: 42 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનો તંત્રનો દાવો

સુરતઃ શહેરીજનોને હરવા ફરવાનું સ્થળ મળી રહે તે માટે ડુમસ દરિયાકિનારે ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવી રહ્યો છે. કુલ 102 હેક્ટર જમીન વિસ્તારમાં અને દરિયાની કુલ 5 કિ.મી. ના પટમાં સાકાર થઈ રહેલા આ પ્રોજેક્ટની શાસકોએ શુક્રવારે સ્થળ મુલાકાત લીધી હતી.

મેયર દક્ષેશ માવાણી અને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે આ પ્રોજેક્ટના ઈજારદાર સાથે મીટિંગ યોજી પ્રેઝન્ટેશન જોઈ સ્થળ પર ચાલી રહેલી કામગીરી વિશે માહિતી મેળવી હતી. બાકીની કામગીરી ઝડપથી પૂર્ણ કરી જુલાઈ 2025 સુધીમાં પ્રોજેક્ટ લોકો માટે ખુલ્લો મૂકી દેવાશે તેવો દાવો કરવામાં આવ્યો છે તેમજ હાલમાં સ્થળ પર 42 થી 45 કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું ઈજારદારે (આઈ.એન.આઈ, અમદાવાદ) જણાવ્યું હતું.

પ્રથમ તબક્કામાં આશરે 12.86 હેકટર જમીન પર (ઝોન-1) ડેવલપ કરવામા આવી રહ્યો છે. જે અંતર્ગત કુલ રૂ.244 કરોડનાં કામો હાલ ચાલી રહ્યા છે.

1000 લોકો એક સાથે યોગા કરી શકે તેવી સ્પેસ ડેવલપ થશે

આ પ્રોજેક્ટના ડિઝાઈન કન્સલટન્ટ આઈ.એન.આઈ. સ્ટુડિયો, અમદાવાદ દ્વારા સમ્રગ પ્રોજેક્ટનો માસ્ટર પ્લાનને દર્શાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેઓ દ્વારા સમ્રગ પ્રોજેક્ટને લગતા સૂચનો પણ આપવામાં આવ્યા હતા. જેમાં સાઈકલ ટ્રેક, ઈવેન્ટ પ્લે ગ્રાઉન્ડ કે જેમાં પતંગ મહોત્સવ જેવી ઈવેન્ટ થઈ શકે, આશરે 1000 જેટલા લોકો એકી સાથે યોગા કરી શકે, અર્બન બીચ તૈયાર કરી તેમાં બીચ વોલીબોલની સ્પર્ધા પણ થઈ શકે તેવા સૂચનો અપાયા હતા. આ ઉપરાંત સમ્રગ પ્રોજેક્ટમાં મરાઈન થીમ બેઝ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કરાશે. 8 જેટલા મરાઈન થીમ બેઝના સ્કલ્પચરના મોડલ-મીનીએચર શાસકોએ જોયા હતા.

જેટકોની નડતરરૂપ લાઈન જલ્દીથી શિફ્ટ કરાશે

પ્રોજેક્ટમાં નડતરરૂપ GETCO વિભાગની 220 KVA ની નડતરરૂપ HT લાઈન GETCO વિભાગ દ્વારા ઝડપથી શિફ્ટ કરાવવા માટે શાસકો રાજ્ય સરકાર સાથે સંકલન કરશે. GETCO વિભાગ સાથે રાજ્ય સરકાર મારફત જરૂરી સંકલન કરી આ લાઈન ઝડપથી શિફ્ટ

વિશિષ્ટ પ્રકારના પ્રોજક્ટને લઈ NIUA એ મનપાને ટેકનિકલ વિગતો પૂરી પાડી

આ પ્રોજેક્ટ વિશિષ્ટ પ્રકારનો હોય, National Institute of Urban Affairs (NIUA) દ્વારા સુરત મહાનગરપાલિકાને ટેકનિકલ વિગતો માટે તેમજ આ પ્રોજેક્ટમાં કુદરતને લગતા નિરાકરણ વિશે પણ માહિતી આપી છે, તેમજ તેઓ દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. સાથે જ જિઓલોજીસ્ટ, હોલ્ટિકલ્ચર તથા સ્ટ્રકચર એકસ્પર્સ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

મનપાની ગટરમાં કેમિકલયુક્ત પાણી છોડવાને કારણે બાયોગેસ પ્લાન્ટ પણ અસરગ્રસ્ત

ભટારનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થિત બાયોગેસ પ્લાન્ટ એક વર્ષથી બંધ

મોટા ભાગના બાયોગેસ પ્લાન્ટમાં વીજળી ઉત્પાદન બાબતે 'જંગલમે મોર નાચા' જેવો ઘાટ

સુરત : તપેલા ડાઈંગો દ્વારા મનપાની ગટરમાં કેમિકલયુક્ત પાણી છોડવાના કારણે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને અસર થવાથી ઘણું નુકશાન થઈ રહ્યું છે. બમરોલી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટર્શરી ટ્રીટેડ પાણીના ઉત્પાદનને અસર થતા મનપાને કરોડો રૂપિયાનું નુકશાન ગયું છે. ત્યારે હવે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ચાલતા બાયોગેસ પ્લાન્ટને પણ ગંભીર અસર થતા મિથેનનું ઉત્પાદન અટકી પડ્યું છે. જેને કારણે બાયોગેસ પ્લાન્ટથી ઉત્પન્ન થતી વિજળી બંધ થતા આ પ્લાન્ટ શોભાના ગાઠીયા બની ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

મનપા દ્વારા કરોડો રૂપિયા ખર્ચીને પર્યાવરણ જાળવણીના ભાગ રૂપે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં બાયોગેસ પ્લાન્ટ પણ ચલાવવામાં આવી રહ્યા છે. આ બાયોગેસ પ્લાન્ટમાં ઉત્પન્ન થતા મિથેન ગેસથી એન્જિન ચલાવી વિજળી ઉત્પન્ન કરવામાં આવે છે. જોકે, ગટરમાં કેમિકલયુક્ત પાણીના કારણે જે નુકશાન થયું છે. તેમાં બાયોગેસ પ્લાન્ટને પણ અસર થઈ છે. ખાસ કરીને ભટાર સ્થિત બાયોગેસ પ્લાન્ટ એક વર્ષથી બંધ પડ્યો હોય એક પણ યુનિટ વિજળી જનરેટ થઇ નથી. જો કે એક યા બીજા કારણોસર આ મુદ્દે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આવી જ સ્થિતિ મોટા ભાગના બાયોગેસ પ્લાન્ટની હોય જો આ દિશામાં તપાસ થાય તો પણ મનપાને થઇ રહેલું મોટું નુકશાન બહાર આવવાની શક્યતા જણાઇ રહી છે.

નવી સિવિલ હોસ્પિટલમાં પાયાની સુવિધાને લઈને દર્દીઓ સાથે ઓરમાયું વર્તન

નવી સિવિલ હોસ્પિટલમાં ટોયલેટ બિસ્માર હાલતમાં, હજારો લોકોને હાલાકી

સારવાર તો ઠીક, ટોયલેટ-બાથરૂમ માટે વલખાં મારતા દર્દીઓ અને તેમના સગા

સુરત : વારંવાર વિવાદમાં રહેતી સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પાયાની સુવિધાને લઈને દર્દીઓ સાથે ઓરમાયું વર્તન કરતી હોય તેમ લાગે છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર તો ઠીક છે. પરતું અહી હજારો લોકોને કુદરતી હાજત માટે વલખાં મારવાં પડે છે. નવી સિવિલ હોસ્પિટલના કિડની તેમજ ઈમરજન્સી વિભાગમાં ટોયલેટ-બાથરૂમ માટે હજારો લોકોને રોજની ભારે હાલાકી ભોગવવી પડે છે. તેમજ દિવ્યાંગ ટોયલેટ પર તાળા મારી દેવામાં આવ્યા છે.

નવી સિવિલ હોસ્પિટલમાં રોજની હજારોની સંખ્યામાં ઓપીડી થાય છે. અહી કિડની તેમજ ઈમરજન્સી વિભાગમાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. તેમજ કિડની બિલ્ડિગમાં મોટી સંખ્યામાં દર્દીઓ પણ સારવાર હેઠળ દાખલ છે. જેને લઈને તેઓના સગાઓ પણ ત્યાં રોકાતા હોય છે અને મળવા માટે આવતા હોય છે. દિવસ દરમિયાન 1500થી 2000 લોકોની અવર-જવર જોવા મળતી હોય છે. પરતું ત્યાં આવતા લોકો માટે નવી સિવિલ હોસ્પિટલમાં ટોયલેટ માટે કોઈ પણ વ્યવસ્થા નથી. ટોયલેટ બનેલા છે પરતું તે ટોયલેટમાં વોશબેઝિન, નળ તેમજ યુરીનલમાં પાણી જ નથી આવતું તેમજ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. જેને પગલે મોટી સંખ્યામાં લોકોને ભારે હાલાકી થાય છે. તેમજ તેઓને કુદરતી હાજત માટે બહાર કશે જવું પડે છે. હોસ્પિટલમાં દિવ્યાંગો માટે પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આખી હોસ્પિટલના ધ્યાનમાં આવતી આ વસ્તુ હોસ્પિટલમાં તંત્રના ધ્યાનમાં કેમ નથી આવતી તે પણ એક પશ્ન છે. હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ તેમજ એસઆઈ અને સુપરવાઈઝરને ડ્યુટી પણ આપવામાં આવી છે. જેથી તેઓની કામગીરી સામે પણ સવાલો ઉભા થાય છે.

વેપારીના દિકરા ઉપર એસિડ નાંખી મોત નિપજાવવાના કેસમાં આરોપીના જામીન કોર્ટે નામંજૂર કર્યા

સુરતઃ વેપારીના દિકરા ઉપર એસિડ નાંખી મોત નિપજાવવાના કેસમાં આરોપીના જામીન કોર્ટે નામંજૂર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ 2019માં પાંડેસરા જીઆઈડીસી ખાતે વેપારી કીર્તિ દોશીના 23 વર્ષીય પુત્ર યશ ઉપર બેચર ભગવાન કાકડિયાએ એસીડ ફેંકી હત્યા કરી દીધી હતી.

પાંડેસરા પોલીસે બેચર કાકડિયાની વડોદરાથી ધરપકડ કરી હતી. જેલમાં બંધ બેચર કાકડિયાએ જામીન અરજી કરી હતી. સરકારી વકીલ તેજસ પંચોલીની દલીલોને આધારે કોર્ટે તેના જામીન નામંજૂર કર્યા હતા.

વોર્ડ નં. 18ની પેટા ચૂંટણી, કોંગ્રેસ બાદ ભાજપ અને આપે પણ ઉમેદવારોની જાહેરાત કરી

કોંગ્રેસના સંજય રામાનંદીની સામે ભાજપમાંથી જીતુ કાછડ અને આપમાંથી સુરજ આહિર ચૂંટણી જંગ લડશે

સુરત : સુરત મહાપાલિકાના વોર્ડ નં 18 (લિંબાયત-પરવટ-કુંભારીયા)ની એક બેઠકની પેટાચુંટણી માટે કોંગ્રેસે સંજય રામાનંદીને ટિકીટ જાહેર કર્યા બાદ આજે ભાજપે પણ જીતુ કાછડ અને આમ આદમી પાર્ટીએ સુરજ આહિરની પોતાના ઉમેદવાર તરીકે જાહેરાત કરી હતી. જેને પગલે હવે આ પેટાચૂંટણીમાં કોંગ્રેસના સાધુ સમાજના ઉમેદવાર તેમજ ભાજપ અને આપ, બંનેના આહિર ઉમેદવાર વચ્ચે ત્રિ-પાંખિયો જંગ થશે. કોંગ્રેસના ઉમેદવાર સંજય રામાનંદી અને આપના ઉમેદવાર સુરજ આહિરે ઉમેદવારી નોંધાવી દીધી હતી. જ્યારે આવતીકાલે ભાજપના ઉમેદવાર જીતુ કાછડ દ્વારા ઉમેદવારી કરવામાં આવશે. કોર્પોરેટર ગેમર દેસાઈના અવસાનને કારણે આ બેઠક ખાલી પડી હતી. જેથી તેની પેટાચૂંટણી આગામી તા.16મી ફેબ્રુઆરીના રોજ થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ ચુંટણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવાર જીતુ કાછડ મૂળ અમરેલી જિલ્લાના વણોટ ગામના વતની છે અને સુરતમાં બોમ્બે માર્કેટની સીતારામ સોસાયટીમાં વસવાટ કરે છે. જીતુ કાછડ આહિર સમાજ સેવા સમિતીના પ્રમુખ પણ છે.

બીજી તરફ આપ દ્વારા જેની પસંદગી કરવામાં આવી છે તે 30 વર્ષિય ઉમેદવાર સુરજ આહિર કુંભારીયા ગામમાં રહે છે. સુરજ આહીર છેલ્લા પાંચ વર્ષથી આમ આદમી પાર્ટીના યુવા મોરચા સાથે જોડાયેલા છે. જ્યારે કોંગ્રેસે જેને મેદાનમાં ઉતાર્યા છે તે સંજય રામાનંદી સણીયા-હેમાદ ગામના વતની છે અને ખેતીનો વ્યવસાય કરે છે. આ પેટાચૂંટણીમાં બે આહિર અને એક રામાનંદી હોવાથી રસપ્રદ ત્રિ-પાંખિયો જંગ જામશે.

કોંગ્રેસ અને આપના ઉમેદવારે ઉમેદવારી કરી દીધી, ભાજપના ઉમેદવાર આજે ફોર્મ ભરશે

સુરત: સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૮ની પેટા ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર જીતુભાઈ કાછડના ફોર્મ ભરતા પહેલાં જ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને એક અપક્ષ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્રક દાખલ કરી દીધું છે. પેટા ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાવાની છે. નાયબ ચૂંટણી અધિકારી ડી.ડી. શાહના જણાવ્યા મુજબ આજે, ૩૧ જાન્યુઆરીએ, ત્રણ ઉમેદવારો રેસમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસમાંથી સંજયકુમાર રામાનંદી, આમ આદમી પાર્ટીમાંથી સુરજભાઈ આહિર, અને અપક્ષ તરીકે અરવિંદભાઈ મેદાનમાં આવ્યા છે. BJPના જિતુભાઈ કાછડ આવતીકાલે ફોર્મ ભરશે.

જીતુ કાછડે ટિકીટ માટે ભાજપમાં દાવેદારી જ નહોતી કરી

વોર્ડ નંબર 18ની ચુંટણી માટે એક અઠવાડિયા પહેલા ભાજપના નિરીક્ષકોએ ટિકીટ વાંચ્છુઓની રજુઆતો સાંભળી હતી. માત્ર 11 માસ માટે નગરસેવક બનવાનું હોવા છતાં દાવેદારોનો રાફડો ફાટયો હતો. કુલ 21 ઉમેદવારોએ ટિકીટની માંગણી કર્યા બાદ બે દાવેદારોએ ફોર્મ પરત લીધું હતું અને 19 દાવેદારો મેદાનમાં રહ્યા હતા. જો કે ભાજપે જેને ટિકીટ આપી છે તે જીતુ કાછડે તો ટિકીટની માંગણી કરી જ નહોતી. નિરીક્ષકો સુરત આવ્યા ત્યારે તે સુરતમાં હાજર નહોતા તેથી તેઓ દાવેદારી કરી શક્યા નહોતા. જો કે પાછળથી જયારે પેનલ બની ત્યારે તેમનું નામ ટોપ પર હતું અને હવે ટિકીટની ફાળવણી પણ કરી દેવાઇ.

આ વોર્ડમાં કોના કેટલા મત

આહિર સમાજ : 18 હજાર
મુસ્લિમ સમાજ : 22 હજાર
રબારી સમાજ : 4થી 5 હજાર
રાજસ્થાની સમાજ : 12થી 15 હજાર

મોબાઈલ અને પર્સ સ્નેચિંગ કરતો રીઢો મહારાષ્ટ્રના ચોપડાથી પકડાયો

સુરતઃ શહેરમાં સ્નેચિંગના ગુનામાં તરખાટ મચાવનાર અને છેલ્લા 5 મહિનાથી ફરાર એવા રીઢા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે પમહારાષ્ટ્રથી પકડી પાડી 3 ગુનાનો ભેદ ઉકેલી કાઢયો ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે મહિધરપુરા અને ભેસ્તાનમાં મોબાઈલ અને પર્સ સ્નેચિંગ કરનાર આરોપી સોએબખાન ઉર્ફે લાલ રઈસખાન પઠાણ (ઉં.વ.,24., રહે., ભેસ્તાન આવાસ, ડિંડોલી. મૂળ રહે., ચોપડા, મહારાષ્ટ્ર) વતન ચોપડા ખાતે છુપાઈને બેઠો છે. જે બાતમીના આધારે પોલીસની એક ટીમ ચોપડા જઈ આરોપીની વોચ ગોઠવી તેને પકડી પાડયો હતો. સોયબખાને તેના મિત્ર અસ્ફાક ઉર્ફે માયા તથા આબિદ ઉર્ફે ચડ્ડી સાથે વેસ્ટન ત્રણ રસ્તા પાસે બે મોબાઈલ ફોન સ્નેચિંગ કર્યા હતા અને બે મહિના પહેલાં મહિધરપુરા વિસ્તારમાં કબીર રેસ્ટોરન્ટ સામેથી એક મહિલાનું મિત્ર સાથે મળી પર્સ સ્નેચિંગ કર્યું હતું. આરોપી શોએબખાન વિરૂદ્ધ શહેરના અલગ પોલીસ સ્ટેશનમાં ચેઇન અને મોબાઈલ સ્નેચિંગના 45 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસે શોએબખાનને પકડી મહિધરપુરાનો એક અને ભેસ્તાન પોલીસ સ્ટેશનના બે ચોરીના ભેદ ઉકેલ્યા છે.

ભાજપના પ્રમુખે ઉમેદવાર જીતુ કાછડને બદલે આપના કોર્પો. જીતુ કાછડીયાને અભિનંદન આપી દીધા

આપના કોર્પો.નું નામ જીતુ કાછડીયા છે અને ભાજપના ઉમેદવારનું નામ જીતુ કાછડ છે

સુરતઃ શુક્રવારે ભાજપે વોર્ડ નં.18ની પેટા ચૂંટણી માટે આહીર સમાજના આગેવાન જીતુ કાછડને ટિકિટ જાહેર કરી હતી. પરંતુ શહેર ભાજપ પ્રમુખ નિરંજન ઝાંઝમેરા અને મહામંત્રી ઘનશ્યામ ઇટાલિયા (કાળુ ભીમનાથ)એ લોચો માર્યો હતો.

બંનેએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જીતુ કાછડ સાથેના ફોટો મૂકીને અભિનંદની પોસ્ટ મૂકી તેમાં જીતુ કાછડિયા નામ થઇ ગયું હતું. આપના એક કોર્પોરેટરનું નામ જીતુ કાછડિયા હોવાથી ભાજપના નેતાઓએ આપના નેતાને અભિનંદન આપ્યાની રમૂજ વહેતી થઇ હતી.

પંજાબ નૈશનલ બૈંક punjab national bank ...the name you can BANK upon!

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન : ૦૨૬૧– ૨૪૫૪૫૪૩ email: cs8323@pnb.co.in

પરિશિષ્ટ –૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪)અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના [રૂલ ૩] સાથે વંચાણે લઈ **તા.૦૫.૧૧.૨૦૨૪** અને ૧૩(૨) પેપર પ્રકાશન **તા.૨૮.૧૧.૨૦૨૪** ના રોજ **દેવાદાર/ગીરવેદાર શ્રી ગણેશ નરશીરામ કુલવારીયા (દેવાદાર/ગીરવેદાર) અને શ્રી નરશીરામ ગીસાજી કુલવારીયા (સહ– દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૩,૫૨,૬૭૭.૮૮/– (અંકે રૂા. તેર લાખ બાવન હજાર છસો સીત્યોતેર અને અઠયાંશી પૈસા પુરા) તા.૩૧.૧૦.૨૦૨૪** ના રોજના માલિક રેસ્ટ સાથે વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સાથે આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૩૦મી જાન્યુઆરી ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો / જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંકની** બાકી રકમ **રૂા.૧૩,૫૨,૬૭૭.૮૮/– (અંકે રૂા. તેર લાખ બાવન હજાર છસો સીત્યોતેર અને અઠયાંશી પૈસા પુરા) તા.૩૧.૧૦.૨૦૨૪** ના રોજના વધારાનું વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે દાતાર રો હાઉસ ના જાણીતી સોસાયટી નો પ્લોટ નં. ૧૬૮ (કેજેપી મુજબ પ્લોટ નં. ૧૯૮/૧૬૮) પ્લોટ નો એરીયા સાઈટ મુજબ ૧૮ ફુટ × ૩૦ ફુટ અને રેવન્યુ રેકર્ડ મુજબ માપ ૫૦.૨૩ ચો.મી અને ૧૬.૦૦ ચો.મીટરના રોડ અને સીઓપીના વણવહેચાયલ મિલકતના પ્રમાણસર હિસ્સા સહિત. બિનખેની જમીન બ્લોક નં. ૧૯૮ મોજે ગામઃ સીયાદલા સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા : ઓલપાડ, જી.સુરત ખાતે તમામ હક્ક અને હિત સર્બધ સહિત આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ** : જોડેની સોસાયટીનો કોમન રોડ, **પશ્ચિમેઃ** જોડેનો પ્લોટ નં. ૧૭૯, **ઉત્તરે** : જોડેનો પ્લોટ નં. ૧૬૯, **દક્ષિણેઃ** જોડેનો પ્લોટ નં. ૧૬૭ આવેલ છે.

તારીખ : ૩૦.૦૧.૨૦૨૫ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

સુરત સીટી રીજીયન–૨ : બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૯૯૦૩૮૮૮૬૭૨, ૯૪૦૯૩૧૬૦૪

જપ્તી કરેલા વાહનોની હરાજી — **બૈંક ઑફ બડૌદા Bank of Baroda**

નીચે દર્શાવેલ કબજો લીધેલા વાહનોનો 'જેમ છે તેમ છે', 'જે છે તે છે' અને 'આધાર વિના' ના ધોરણે બેંક ઓફ બરોડા ની સુરક્ષિત બાકી રકમની વસુલાત માટે વેચાણ કરવામાં આવશે. નીચે સહી કરનાર દ્વારા આ વેચાણ ઈ–હરાજી પ્લેટફોર્મ વેબસાઈ : https:/baanknet.com પર કરવામાં આવશે.

અ. નં.	શાખાનું નામ	ખાતેદારનું નામ અને ખાતા નંબર.	આર.સી નં., ટાઈપ. ઓફ વાહન	બાકી રકમ તા.૩૧.૦૧.૨૦૨૫ સુધીના	અનામત કિંમત / ઈએમડી રકમ	આઈએફએસસી કોડ	સંપર્ક નં.અને નામ
૧.	છીપવાડ	અરૂણસીંગ ખા.નં: ૭૫૦૦૦૧ ૫૧૮૧૨૧૯	GJ05JR4657 RENAULT KWID RXT	રૂા. ૩,૨૪,૩૯૨ + અન્ય ચાર્જીસ	૧૧૦૦૦૦ / ૧૧૦૦૦	BABROCHHIPW	રાજીવ રંજન ૯૯૦૯૪૨૪૫૫૭

હરાજીની તારીખ : ૨૦.૦૨.૨૦૨૫, બપોરે ૨.૦૦ થી ૬.૦૦ સુધી નિરિક્ષણ તા.૧૮.૦૨.૨૦૨૫ થી ૧૯.૦૨.૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી

૧) વેચાણ અંગેની વધુ જાણકારી માટે મહેરબાની કરી બૈંક ઓફ બરોડા, સુરક્ષિત કેડીટર્સ ની વેબસાઈ www.bankofbaroda.com/webcast.htm જુઓ. ૨) હરાજી–કમ વેચાણ ફકત ઈ–હરાજીના માધ્યમથી અધિકૃત પોર્ટલ https:/baanknet.com પર કરવામાં આવશે. ૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે, તેમની બીડ સબમીટ કરવા પહેલા અને ઈ–હરાજી માં ભાગ લેવા પહેલા પોર્ટલ https:/baanknet.com પર જઈને ઈ–હરાજીના નિયમો અને શરતો ની વિગતો જાણી લેવી અને ઉપરોકત જે તે વાહનની વધુ જાણકારી માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરવો.
નોંધ : તમામ પાર્કીંગ ચાર્જ સફળ બીડર્સે ભોગવવાના રહેશે.

તારીખ : ૦૧.૦૨.૨૦૨૫ સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બૈંક ઓફ બરોડા**

ધી સુરત મર્કન્ટાઇલ કો.ઓ.બેંક લી. Since 1965

વહીવટી કચેરી : "ઉત્કર્ષ", મોદી કંપાઉન્ડ, લાલ દરવાજા મેઈન રોડ, સુરત ફોન નંબર : ૨૫૩૧૭૫૩, ૨૫૩૨૯૩૩, ૨૫૩૯૩૧૦

-:: મિલકતની વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટી